e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 269**
**April 29, 2011**




## સંકલિત બાળ વિકાસ યોજના સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત પ્રિમીકસમાંથી બનતી વાનગીઓનું નિર્દશન

મા. શ્રીમતિ આનંદીબેન પટેલ, માન. મંત્રીશ્રી, મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત સરકારશ્રીની ઉપસ્થિતિમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને અપાતા પ્રિમિક્ષમાંથી બનતી વાનગીઓના નિર્દશન અંગેના કાર્યક્રમ કરવાની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના કુલ ૩૮ વોર્ડમાં તા. ૧૭/૦૪/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવ્યા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉનાળાની રજા દરમ્યાન પ્રાણી સંગ્રહાલય અઠવાડિયાના તમામ દિવસો, વધારાના સમય સાથે ચાલુ રહેશે

ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન, પ્રાણીસંગ્રહાલય, સરથાણા એ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉનાળાની રજા તેમજ અન્ય રજાઓ દરમ્યાન મુલાકાતીઓના ધસારાને ધ્યાને રાખી, નેચરપાર્ક ઝુ અઠવાડિયાના સાતે સાત દિવસોએ (સોમવાર સહિત) ચાલુ રાખવા તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં તા. ૨૪/૦૪/૨૦૧૧ ના રોજ સુરત શહેરમાં ગ્રંથદાન ઝુંબેશનું આયોજન



સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં જ્ઞાનશકિત ઉત્સવના ભાગરૂપે "વાંચે ગુજરાત" અંતર્ગત તા. ૨૪/૦૪/૨૦૧૧ ના રોજ રવિવારે સુરત શહેરમાં ગ્રંથદાન ઝુંબેશ ઉપાડવામાં આવી હતી. સુરતવાસીઓને મુખ્યમંત્રીથી લઈને અનેક મહાનુભાવોએ આજના દિવસે પુસ્તકોનું દાન કરવા અપીલ કરી હતી. જેનો ખુબ જ સારો પ્રતિસાદ સાંપડયો છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "સાયકલ રેલી"નું આયોજન

"સ્વર્ણિમ જયંતી સમાપન સમારોહ" કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા "સાયકલ રેલી" નું આયોજન તા. ૦૧/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે ઉધના ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ સાયકલ રેલી સોસીયો સર્કલથી શરૂ થઈ, અણુવ્રત દ્વાર સુધી જઈ પરત સોસીયો સર્કલ આવશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૫/૦૪/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા. ૨૫/૦૪/૨૦૧૧ નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સંકલિત બાળ વિકાસ યોજના સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત પ્રિમીકસમાંથી બનતી વાનગીઓનું નિર્દશન




મા. શ્રીમતિ આનંદીબેન પટેલ, માન. મંત્રીશ્રી, મહેસુલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત સરકારશ્રીની ઉપસ્થિતિમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને અપાતા પ્રિમિક્ષમાંથી બનતી વાનગીઓના નિર્દશન અંગેના કાર્યક્રમ કરવાની સુચના મુજબ સુરત મહાનગરપાલિકાના કુલ ૩૮ વોર્ડમાં તા. ૧૭/૦૪/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી બપોરે ૧.૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવ્યા. જેમાં કુલ ૧૦૦૪ આંગણવાડીઓને આવરી લેવામાં આવી.

જેમાં નીચે મુજબના વોર્ડમાં માનનીય સાંસદશ્રી, મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી ઉપસ્થિત રહયા હતા.

| અ.નં. | વોર્ડ નં. | વોર્ડનું નામ | હાજર રહેલ મહાનુભાવોનું નામ |
|---|---|---|---|
| ૧ | ૪ | કાપોદ્રા | શ્રીમતિ દર્શનાબેન વી. જરદોશ,મા. સાંસદશ્રી |
| ૨ | ૨૮ | પરવટ/ગોડાદરા | શ્રી સી.આર.પાટીલ,મા. સાંસદશ્રી |
| ૩ | ૩૩ | અલથાણ/ભટાર | શ્રી પ્રવિણભાઈ આર.નાયક,મા.સાંસદશ્રી(રાજય સભા) |
| ૪ | ૧૬ | ત્રિકમનગર | શ્રીમતિ છાયાબેન આર.ભુવા,મા.ડે.મેયરશ્રી |
| ૫ | ૧૭ | લાભેશ્વર ચોક/માતાવાડી | શ્રી નરોત્તમભાઈ ટી. પટેલ, મા.મંત્રીશ્રી |
| ૬ | ૨૩ | નાનપુરા/અઠવા | શ્રી રાજેન્દ્રભાઈ એ.દેસાઈ, મા.મેયરશ્રી |
| ૭ | ૨૫ | સલાબતપુરા | શ્રી રણજીતભાઈ એમ. ગીલીટવાલા, મા.મંત્રીશ્રી |
| ૮ | ૭ | કતારગામ | શ્રી નાનુભાઈ વાનાણી, મા.ધારાસભ્યશ્રી |

આ ઉપરાંત દરેક વોર્ડમાં જે તે વોર્ડના કોર્પોરેટરશ્રી, લોકલ લીડર, મ્યુ.કમિશ્નરશ્રી તેમજ અધિકારીશ્રી અને કર્મચારીગણ તથા જીલ્લા પંચાયતના ડી.ડી.ઓ.શ્રી, પ્રોગ્રામ ઓફિસરશ્રી અને તેમના અધિકારી તથા કર્મચારીગણે હાજર રહી પ્રોત્સાહન પુરું પાડયું હતું.

ઉપસ્થિત મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટય કરીને કાર્યક્રમોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા આંગણવાડીના લાભાર્થીઓને બાલભોગ, શીરો, સુખડી, ઉપમા પ્રિમિક્ષ અને ફોર્ટીફાઈડ આટાના પેકેટમાંથી સ્વાદિષ્ટ અને સરળ વાનગીઓ બનાવવા અને નાની ગેરસમજો દુર કરી બાળકોમાં કુપોષણનું પ્રમાણ ઓછું કરવા અને સુક્ષ્મ પોષક તત્વો ઉમેરીને શકિતથી ભરપુર પુરક આહાર બાળકોને ખવડાવી તંદુરસ્ત બાળક અને તંદુરસ્ત સમાજનું ઘડતર કરવા માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પુરુ પાડવામાં આવ્યું.

ઉપરોકત તમામ વોર્ડમાં વાનગી નિર્દશન કરેલ વાનગીઓનું તમામ મહેમાનશ્રી અને લાભાર્થીઓએ પણ આ સ્વાદ માણયો હતો. તેમજ પ્રદર્શનમાં મુકેલ વાનગીઓનું મુલ્યાંકન કરી તે અંગે જરૂરી તમામ માહિતી આપવામાં આવી. અને રૂચિકર વાનગી બનાવવા લોકોને આહવાન કર્યુ.

ઉપરોકત કાર્યક્રમનું આયોજન મે.કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

કાર્યક્રમને સફળતા બક્ષવામાં તમામ ઝોનના ઝોનલ ચીફશ્રી, ઝોનલ ઓફિસરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ઝોનના કર્મચારીગણ અને આઈ.સી.ડી.એસ.ના સ્ટાફ ધ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી.

ઉપરોકત કાર્યક્રમનું સંચાલન ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

કાર્યક્રમની આભારવિધિ આંગણવાડી કાર્યકરો ધ્વારા કરવામાં આવી હતી.

TOP

## ઉનાળાની રજા દરમ્યાન પ્રાણી સંગ્રહાલય અઠવાડિયાના તમામ દિવસો, વધારાના સમય સાથે ચાલુ રહેશે

ડો. શ્યામાપ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન, પ્રાણીસંગ્રહાલય, સરથાણા એ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉનાળાની રજા તેમજ અન્ય રજાઓ દરમ્યાન મુલાકાતીઓના ધસારાને ધ્યાને રાખી, નેચરપાર્ક ઝુ અઠવાડિયાના સાતે સાત દિવસોએ (સોમવાર સહિત) ચાલુ રાખવા તથા પ્રવેશ આપવા પ્રવેશબારીઓ સાંજે ૫.૦૦ કલાકની જગ્યાએ ૬.૦૦ કલાક સુધી ચાલુ રાખવા અને પ્રવેશ પામેલ મુલાકાતીઓને સાંજે ૭.૩૦ કલાક સુધી હરવા–ફરવા દેવા નિર્ણય કરેલ છે. આ વ્યવસ્થા તા. ૨૨/૦૪/૨૦૧૧ થી તા. ૭/૦૬/૨૦૧૧ સુધી કાર્યરત રહેશે. જે નેચરપાર્ક ઝુ ખાતાના એક યાદીમાં જણાવેલ છે તેમજ શહેરના તમામ નાગરિકોને બાળકો સાથે વન્ય જીવ અને વન્ય સૃષ્ટિની વિવિધ બાબતોની જાણકારી મેળવવા પ્રાણીસંગ્રહાલયની મુલાકાત લેવા અનુરોધ કરેલ છે.

TOP

## સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં તા. ૨૪/૦૪/૨૦૧૧ ના રોજ સુરત શહેરમાં ગ્રંથદાન ઝુંબેશનું આયોજન

સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ઉપલક્ષ્યમાં જ્ઞાનશકિત ઉત્સવના ભાગરૂપે ''વાંચે ગુજરાત'' અંતર્ગત તા. ૨૪/૦૪/૨૦૧૧ ના રોજ રવિવારે સુરત શહેરમાં ગ્રંથદાન ઝુંબેશ ઉપાડવામાં આવી હતી. સુરતવાસીઓને મુખ્યમંત્રીથી લઈને અનેક મહાનુભાવોએ આજના દિવસે પુસ્તકોનું દાન કરવા અપીલ કરી હતી. જેનો ખુબ જ સારો પ્રતિસાદ સાંપડયો છે. આજરોજ સાંજે ૪.૦૦ કલાકે મળેલ માહિતી મુજબ કુલ ૭૩ મુખ્ય રીસીવીંગ કેન્દ્રોમાં ૮૨૪૧૭ પુસ્તકો દાનમાં મળેલ છે. કતારગામ ઝોન પર ૨૧ કેન્દ્રો પર ૧૦૬૪૭, અઠવા ઝોનમાં ૫૧ કેન્દ્રો પર ૨૧૪૬૮ પુસ્તકો, રાંદેર ઝોનમાં ૭૩ કેન્દ્રોમાં ૧૨૪૨૫ પુસ્તકો, ઉધના ઝોનમાં ૧૫ કેન્દ્રો પરથી ૬૨૬૯ પુસ્તકો, લિંબાયતમાં ૩૪ કેન્દ્રો પર ૬૪૬૩ પુસ્તકો, સેન્ટ્રલ ઝોનમાં ૧૨૫ કેન્દ્રો પર ૧૩૫૮૯ પુસ્તકો મળી અને કુલ ૭૧૨ કેન્દ્રો પર કુલ ૮૨૪૧૭ પુસ્તકો દાનમાં મળેલ. આ કામગીરીમાં યુનિવર્સીટી/ NSS ના ૭૧૨ વિદ્યાર્થીઓ તેમજ મહાનગરપાલિકાના કર્મચારીઓ ૧૨૧૨ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓ/સહકારી સંસ્થાઓ ૧૧૮ મળી કુલ ૨૦૪૨ વ્યકિતઓએ આ કામગીરીમાં યોગદાન આપેલ છે. વધુમાં ઉપકુલપતિથી લઈ વિદ્યાર્થીઓ/શિક્ષણ વિભાગના કર્મચારીઓ પણ આ કામગીરીમાં સહભાગી થયા હતા.





શહેરના કેટલાક દાતાઓ તરફથી પુસ્તકો દાન આપવા અંગે જાહેરાત પણ કરવામાં આવેલ છે. જેમાં ડો. પ્રભાવતિબેન દિક્ષિત ધ્વારા કબાટ સહિત ૩૦૦૦ પુસ્તકો અને શ્રી કલાકુંજ સ્વામિનારાયણ મંદિર (નીલકંઠ ચરણદાસજી સ્વામી ધ્વારા) ૨૧૦૦ પુસ્તકો મળેલ છે. અને શ્રી લવજીભાઈ બાદશાહ તરફથી ૩૯,૦૦૦, જી.ડી.ગોએન્કા સ્કુલ તરફથી (૫૦૦ પુસ્તકો, ૧ કબાટ ) ૧૨૫૦૦ પુસ્તકો, લક્ષ્મીપતિ સાડી–સંજય સરાઉગી તરફથી ૫૦૦૦ પુસ્તકો અને ગોવિંદભાઈ ડોબરીયા તરફથી ૫૧૦૦૦ પુસ્તકો આપવાનું જણાવેલ છે. આજે સાંજે ૬ કલાક સુધી પુસ્તક સ્વીકારવાની કામગીરી ચાલુ હોય પુસ્તકદાનની સંખ્યામાં વધારો થશે.

આજના આ ગ્રંથદાન મહાઅભિયાનમાં રાજયસરકારના રાજયકક્ષાના મંત્રીશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મેયરશ્રી રાજેન્દ્ર દેસાઈ, સાંસદશ્રીમતિ દર્શનાબેન જરદોશ, સાંસદ શ્રી સી. આર. પાટીલ, રાજય સભાના સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક,રાજયના શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી હસમુખ અઢીયા, કમિશ્નર કુ. એસ. અપર્ણા, કલેકટર એ. જે. શાહ, ડે. મયરશ્રીમતિ છાયાબેન ભુવા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓએ વિવિધ વિસ્તારોમાં ફરી પુસ્તકોનું દાન કરવા અપીલ કરી હતી. જેનો શહેરીજનો તરફથી જબરદસ્ત પ્રતિસાદ સાંપડયો છે. અને શહેરીજનોનો અભૂતપૂર્વ પુસ્તક પ્રેમ જોવા મળ્યો છે.

**TOP**

## "સાયકલ રેલી"નું આયોજન

"સ્વર્ણિમ જયંતી સમાપન સમારોહ" કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા "સાયકલ રેલી" નું આયોજન તા. ૦૧/૦૫/૨૦૧૧ ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે ઉધના ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ સાયકલ રેલી સોસીયો સર્કલથી શરૂ થઈ, અણુવ્રત દ્વાર સુધી જઈ પરત સોસીયો સર્કલ આવશે. જેમાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, ચં. ચી. મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન), ચોક બજાર, સુરત તથા ઉધના ઝોન કચેરી ખાતેથી તા. ૩૦/૦૪/૨૦૧૧ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી પરત કરવાના રહેશે. સદર રેલીમાં વિદ્યાર્થીઓ, સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, વરીષ્ઠ નાગરિકો તથા તમામ નગરજનોને ભાગ લઈ, આ સ્વર્ણિમ જયંતી ઉજવણી સમાપન સમારોહમાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

TOP

## તા. ૨૫/૦૪/૨૦૧૧ નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ

મે. કમિશ્નરશ્રીની સુચના મુજબ અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિટલ) નાં માર્ગદર્શન હેઠળ તમામ ઝોન વિસ્તારમાં આવેલ શાક માર્કેટ, સુપર સ્ટોર દુકાનો, કોમર્શીયલ કોમ્પલેક્ષ, હોકર્સ, રીટેલ શોપ, પ્લાસ્ટીક સપ્લાયર્સ વિગેરે સ્થળોએ ઉપયોગમાં લેવામાં આવતી પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓનો ઉપયોગ ન થાય તે હેતુસરની જનજાગૃતિ અંતર્ગત તા. ૨૫/૦૪/૨૦૧૧ નાં રોજ સવારથી સાંજ સુધી જે તે ઝોનનાં આરોગ્ય, એન્જીનીયરીંગ, ગુમાસ્તાધારા વિગેરે વિભાગનાં સ્ટાફ સાથે પ્રતિબંધિત પ્લાસ્ટીક અટકાયતની સંકલિત ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. તમામ ઝોન વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીની માહિતી નીચે મુજબ છે. આમ, તમામ ઝોનમાંથી ૧૨૪૬.૨૦૦ કિ.ગ્રા. પ્લાસ્ટીક જપ્ત કરી રૂા. ૧,૮૨,૩૦૫/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

| અ.નં. | ઝોનનું નામ | જપ્ત કરેલ પ્લાસ્ટિક જથ્થો(કિ.ગ્રા.) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂા.) | કસુરવાર ઈસમોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન | ૩૬.૦૦૦ | ૧૭,૫૦૦ | ૧૨૭ |
| ૨ | રાંદેર ઝોન | ૧૪૭.૨૦૦ | ૨૪,૮૦૦ | ૧૮૧ |
| ૩ | ઉધના ઝોન | ૬૪.૦૦૦ | ૯,૭૫૦ | ૮૬ |
| ૪ | લિંબાયત ઝોન | ૪.૦૦૦૦ | ૧,૧૦૫ | ૧૧ |
| ૫ | અઠવા ઝોન | ૩૯.૦૦૦ | ૨૫,૬૦૦ | ૧૪૮ |
| ૬ | કતારગામ ઝોન | ૧૭૬.૦૦૦ | ૩૮,૫૫૦ | ૨૦૮ |
| ૭ | વરાછા ઝોન | ૭૮૦.૦૦૦ | ૬૫,૦૦૦ | ૯૪ |
| કુલ | | ૧૨૪૬.૨૦૦ | ૧,૮૨,૩૦૫ | ૮૫૫ |

**૪૯૦ નંગ તૈયાર કરેલ માવાના પડીકા નોર્થઝોનમાંથી જપ્ત કરેલ છે.**

TOP